# સંવત-૨૦૮૨નું રાશિ ભવિષ્ય

## “કાલ મઝધારેથી તારણહાર લાવ્યા ‘સૈફ’ ને આજ જોયું તો કિનારે એક નવું તોફાન છે”

## મેષ (અ.લ.ઈ.)



**મેષ રાશિનાં જાતકો માટે વિક્રમ સંવત 2082નું વર્ષ મિશ્ર ફળદાયી રહેશે. આ વર્ષ દરમ્યાન ગ્રહોની ચાલ જીવનપથ પર તમને આરોહ-અવરોહનો અનુભવ કરાવે. ક્યારેક માર્ગ કાંટાળો પણ લાગે પરંતુ તમારે એ યાદ રાખવું પડશે કે**

***“કાંટો પે ચલકે મિલેંગે સાયે બહાર કે”***

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર...**

### માનસિક સ્થિતિ : આત્મવિશ્વાસની પરીક્ષા

શનિ અને રાહુ-કેતુ જેવા ગ્રહો માનસિક શાંતિ પર અસર કરે. આપની રાશિ પર શનિની સાડા સાતી ચાલે છે આખું વર્ષ રહેશે. માનસિક તણાવ-ચિંતાથી કામનો બોજ વધુ લાગે. માનસિક થાક અને અશાંતિ લાગે. ક્યારેક નિરાશા અને હતાશા પણ આવી શકે. નિર્ણય લેવામાં મુશ્કેલી પડી શકે. આત્મવિશ્વાસમાં કમી લાગે શકે છે. જો કે ગભરાવાની જરૂર નથી. **ગુરુ તમને આ પડકારોનો સામનો કરવામાં મદદ કરશે.** તમારી બુદ્ધિ અને સમજદારીમાં વધારો કરી તમને હકારાત્મક અનુભવ કરાવશે. ગુરુ તમને ખાસ કરીને 1લી જૂન 2026 થી વર્ષના અંત સુધી માનસિક સુખ-શાંતિનો અનુભવ કરાવશે.

### આરોગ્ય : મધ્યમ

સ્વાસ્થ્યને લઇને આ સમય થોડો નબળો રહી શકે છે. શનિની સાડા સાતી આરોગ્યની સમસ્યાઓ વધારી શકે છે. હાડકાં સંબંધિત સમસ્યાઓ, સાંધાનો દુખાવો અથવા પાચનતંત્રની સમસ્યાઓ આવી શકે. નિયમિત વ્યાયામ કરવો. પૂરતી ઊંઘ ન આવવા સંબંધિત સમસ્યા પણ રહી શકે. આંખ અને કાનની તકલીફ જણાય તો તરત ડોક્ટરને કન્સલ્ટ કરી લેવું. યોગ્ય ખોરાક લેવો. મેન્ટલ હેલ્થ પર પણ ધ્યાન આપવું. તણાવ ઓછો કરવા યોગ, ધ્યાન અથવા પોતાના શોખની વસ્તુઓ કરવી.

### આર્થિક સ્થિતિ : અણધાર્યા લાભ થઈ શકે

વર્ષના પૂર્વાર્ધમાં 5મી ડિસેમ્બર:2025થી 1લી જૂન: 2026 દરમ્યાન આપની રાશિથી ચોથા ભાવમાં ભ્રમણ કરતા ગુરુના પ્રભાવથી શુભ કાર્યોમાં ખર્ચાઓ થઈ શકે. ત્યાર બાદ, 1લી જૂન 2026થી વર્ષના અંત સુધી ચોથા ભાવમાં ભ્રમણ કરતો ગુરુ ધન, વાહન વગેરેનું સુખ આપે. વધુમાં, આપની રાશિથી બારમા ભાવમાં ભ્રમણ કરતો રાહુ અણધાર્યા આર્થિક લાભ આપી શકે છે. વારસાગત મિલકત અથવા જૂનાં રોકાણોમાંથી લાભ મળી શકે. **ફલેટ-ઘર ખરીદવાની ઈચ્છા આ વર્ષે ફળીભૂત થઈ શકે છે.** નવું રોકાણ કરવું ફાયદાકારક સાબિત થઈ શકે છે. રોકાણનો નિર્ણય સમજી-વિચારીને લેવો. નિષ્ણાતની સલાહ લેવી. દેવાથી મુક્તિ મળી શકે.

### ધંધાકીય : તકલીફોનો સામનો કરવો પડે

વર્ષ દરમિયાન શનિની પનોતીને કારણે વેપાર-ધંધા વ્યવસાયમાં અડચણ આવે. પ્રગતિની શક્યતા ઓછી છે. ધંધો જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ રહેવું. ખાસ કરીને 1લી જૂનથી વર્ષાંત સુધી ગુરુને કારણે મંદીનો અહેસાસ થાય. **નવાં મોટાં કામ કે નવી મોટી આવક જળવાય નહીં એવું પણ બને.** જો કે 5મી ડિસેમ્બર 2025થી 1લી જૂન 2026 સુધી ધંધામાં નવી તકો મળે. વિકાસ થાય, નવી આવકો મળે. ઐશ્વર્ય પ્રાપ્ત થાય. આમ છતાં આખા વર્ષમાં નાણાંકીય બાબતોનો નિર્ણય સમજી-વિચારીને લેવો.

### નોકરી/ધંધાકીય : સંઘર્ષ ટાળવો

નોકરીમાં મુશ્કેલીઓ આવે. સહકર્મી કે અધિકારીઓના પોલિટિક્સ કે કિન્નાખોરીનો ભોગ ન બનાય તે બાબતે સાવધાન રહેવું. વાણી વર્તનમાં સંયમ અને સમજદારી દાખવવી. સંઘર્ષમાં ઊતરવાનું ટાળવું. જો કે 1લી જૂન 2026થી વર્ષના અંત સુધી ગુરુ સાનુકૂળ હોવાને કારણે નોકરીમાં આપના કાર્ય અને ક્ષમતાની કદર થાય, પ્રશંસા થાય. પ્રમોશન યા બીજી વધુ સારી નોકરીનો યોગ પણ છે.

### કુટુંબ અને પ્રેમસંબંધો : ભરતી - ઓટ આવે

આ બાબતમાં મિશ્ર પરિણામો મળી શકે છે. વર્ષની શરૂઆત સારી રહેશે. પરંતુ તારીખ ૧લી જૂનથી વર્ષાન્ત સુધી કુટુંબીઓ વચ્ચે ગેરસમજ થઈ શકે. માતા-પિતાના આરોગ્યના પ્રશ્નો થઈ શકે. વાણી અને વર્તનમાં શાંતિ અને સ્વસ્થતા જાળવવી. કૌટુંબિક સંબંધો તેમ જ પ્રેમ સંબંધોમાં ભરતી - ઓટનો અનુભવ થાય. સાચો પ્રેમ કરનારાઓ માટે સારો સમય રહેશે. જ્યારે અન્ય લોકોની લવ લાઈફમાં મુશ્કેલીઓ આવી શકે છે. **જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. સંબંધો જાળવી રાખવા માટે પ્રયત્નો કરવા પડે.** નવદંપતીઓ માટે સંતાનપ્રાપ્તિના યોગ છે.






### શિક્ષણ : મહેનત કરાવે, વિદેશમાં તક

વિદ્યાર્થીઓ માટે આ વર્ષે વધુ મહેનત કરવાની જરૂર પડશે. શનિની સાડા સાતીના કારણે તેમ જ રાહુના વિદ્યાભ્યાસના ભાવની સામેના ભાવમાં થઈ રહેલા રાહુના ભ્રમણને કારણે આપનું ધ્યાન ભટકશે. પૂરા મનથી અભ્યાસ અને પ્રેક્ટીસ કરીને સારાં પરિણામો મળી શકે છે. ઉચ્ચ શિક્ષણની તકો પણ મળી શકે છે. વિદેશમાં ભણવાની ઈચ્છા પણ પૂરી થઈ શકે છે.

### કોર્ટ-કચેરીના મામલા : મિશ્ર પરિણામો

કોર્ટ-કચેરીના મામલાઓમાં મિશ્ર પરિણામો, શનિ મીન રાશિમાં (બારમા ભાવ) રહેવાથી કાનૂની બાબતોમાં થોડો વિલંબ અને અવરોધો આવી શકે. જો કોઈ કોર્ટ કેસ ચાલુ હોય તો ધીરજ રાખવી. 1લી જૂન :2026થી ગુરુના ચોથા ભાવમાં ભ્રમણથી શાંતિ અને સારા વકીલોનો સહયોગ મળે. ઓગષ્ટ : 2026થી નવેમ્બર : 2026 સુધીનો સમય કાનૂની કાર્યવાહીમાં સારાં પરિણામો આપે. રાહુનું કુંભ રાશિમાં અને કેતુનું સિંહ રાશિમાં ગોચર હોવાથી ખોટા દસ્તાવેજો અથવા ગેરસમજણથી બચવું. કાનૂની દસ્તાવેજોનો ઝીણવટથી અભ્યાસ કરવો.

### સરકારી કામકાજ : ધૈર્યપૂર્ણ પ્રયાસોથી સફળતા

સરકારી નોકરી કે ટેન્ડર સાથે સંકળાયેલા હોવ આ વર્ષે તમને સફળતા મળી શકે. ગુરુનો ત્રીજા અને ચોથા ભાવમાં પ્રભાવ તમને અધિકારીઓ સાથે સારો સંપર્ક બનાવી આપે. જો કે શનિ બારમા ભાવમાં હોવાથી, સરકારી પ્રોડક્ટમાં થોડી મહેનત અને સમય લાગી શકે. ધૈર્યપૂર્ણ પ્રયાસથી ટેન્ડર, લાયસન્સ, પરમીટ મેળવવામાં સફળતા મળશે. જુલાઈ- 2026થી સપ્ટેમ્બર-2026 નો સમયગાળો સરકારી કામકાજ માટે સારો રહે.

### પ્રવાસઃ વિદેશ પ્રવાસની શકયતા

પ્રવાસ માટે અનુકૂળ રહેશે. ગુરુનું ત્રીજા ભાવમાં ગોચર (ડિસે. 2025 થી 1/6/2026 સુધી) ટૂંકા અને લાંબા અંતરના પ્રવાસ થઇ શકે. વ્યવસાય, શિક્ષણ કે આધ્યાત્મિક હેતુઓ માટે કે વ્યાપારધંધા માટે પણ પ્રવાસ હોઈ શકે છે. રાહુ 11મા ભાવમાં હોવાથી, વિદેશ પ્રવાસની શક્યતાઓ મજબૂત છે. ખાસ કરીને જાન્યુઆરી 2026 થી માર્ચ 2026 દરમિયાન. જો તમે વિદેશ શિક્ષણ કે નોકરી માટે અરજી કરી રહ્યા હો, તો આ સમય શુભ છે.

### સ્ટોક માર્કેટઃ લાંબા ગાળાનું રોકાણ કરો

સ્ટોક માર્કેટમાં રોકાણ માટે મધ્યમ રહેશે. નવાં રોકાણોની તકો મળશે. ફંડામેન્ટલી મજબૂત સ્ટોક્સ કે મ્યુચ્યુઅલ ફંડમાં કરેલું સમજપૂર્વકનું ઈન્વેસ્ટમેન્ટ રાહુનું બારમા ભ્રમણના કારણે અણધાર્યો લાભ આપી જાય. મૂડીરોકાણ સ્થિરતા સાથે ધીમી પણ ચોક્કસ વૃદ્ધિ આપશે પણ સ્પેક્યુલેટિવ ટ્રેડિંગ (જેમ કે ડે-ટ્રેડિંગ) થી બચો. નુકસાન થઇ શકે.

### મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિનું ગોચરઃ** આખું સંવત 2082 શનિ મહારાજ મીન રાશિમાં જ રહેશે. અર્થાત્ મેષ રાશિ પર શનિની સાડા સાતી પનોતી રહેશે. આ સમયગાળામાં તમારે આરોગ્ય, કુટુંબ અને ધંધા-રોજગારની બાબતોમાં વધુ સાવચેત રહેવું પડે. મહેનતનું પૂરું ફળ મળે તે માટે વધુ પ્રયત્નો કરવા પડે. આપની રાશિથી બારમા ભાવમાં ગોચર કરતો શનિ આપને વખતોવખત તણાવમાં રાખે અને ખર્ચ પણ કરાવે. માનહાનિ યા ધનહાનિ ન થાય તેની કાળજી રાખવી પડશે.

**ગુરુનું ગોચરઃ** 5મી ડિસેમ્બર-2025થી 1લી જૂન 2026 સુધી ગુરુ મિથુન રાશિમાં ગોચર કરશે. શુભ કાર્યોમાં ખર્ચ કરાવે. નોકરીમાં કે વ્યવસાય ધંધામાં સ્થાનમાં ફેરબદલી થઈ શકે. તા. 1 જૂન 2026 થી વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી ગુરુ કર્કમાં ગોચર કરશે. તમને માન-સન્માન-ઐશ્વર્ય મળે. આપની રાશિથી ચોથા સ્થાનમાં ભ્રમણ કરતો આ ગુરુ સુખ-સમૃધ્ધિ આપી જાય.

**રાહુ-કેતુનું ગોચરઃ** આખા વર્ષ દરમ્યાન રાહુ કુંભ રાશિમાં એટલે કે આપની રાશિથી 11મા ભાવમાં પરિભ્રમણ કરશે. આ સમયગાળો તમને અચાનક ધનલાભ પણ કરાવી શકે છે. 11મા ભાવમાં રાહુ જાતકને પરિવારથી અને ધન-ધાન્યથી સમૃધ્ધ બનાવે છે. એવું ભૃગુસૂત્રમનું કથન છે. આપને દેવામાંથી મુક્તિ અપાવી શકે છે. વિદેશયાત્રાનો કે વિદેશથી લાભનો યોગ પણ છે. શેરબજારમાં વિચારીને કરેલું રોકાણ લાભ અપાવશે.